[illegible] વૈષ્ણવો ! વાંચો, વિ[illegible]રો અને [illegible]
[illegible]ચી [illegible] સમજો.



सत्यं परं धीमहि । (भागवत)

(અમે પરમ સત્યનું ધ્યાન ધરીએ છીએ.)

શ્રીનાથજીનો ધનભંડાર

તે ખોલી નોંધવા સામે ઉપડેલી ખોટી ચળવળ સંબંધમાં

સાચો ખુલાસો

(૧) શ્રી મેવાડ સરકારનો અગત્યનો ખુલાસો. (તા૦ ૯–૪–૪૧)

(૨) વૈષ્ણવ સમિતિના સભ્ય શેઠ શ્રી દેવીદાસ માધવજીનું નિવેદન.

(૩) શ્રીકૃષ્ણભંડારના અધિકારી શ્રીરણછોડલાલજીનો ખુલાસો.

(૪) "ગુજરાતી" પત્રમાં આવેલા લેખોનો સાર.

(તા૦ ૩૦ મી માર્ચ; તા૦ ૬ ઠ્ઠી અને ૨૦ મી એપ્રીલ ૧૯૪૧)

કિંમત : રૂ. ૦–૦–૬

મુદ્રક અને પ્રકાશક : નટવરલાલ ઇચ્છારામ દેસાઈ, બી. એ.
મુદ્રણાલય : "ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ
સાસુન બિલ્ડીંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ મુંબઈ

વિ. સં. ૧૯૯૭ વૈશાખ સુદ પાંચમ]   પ્રત ૫૦૦૦   ઇ. સ. ૧-૫-૧૯૪૧

...ાં શ્રીકૃષ્ણજીવનજી મહારાજ [illegible] ...ની
...ું જ જણાવવાનું કે શ્રી નાથદ્વારાના ધામના સંબંધમાં
...વવાના પ્રસંગો વખતો વખત બની ગયા છે અને હજુ પણ કેટલીક
...ને જેને માટે મૌન ધારણ કરી બેસી રહેવાથી સંપ્રદાયને અનિષ્ટ પરિ-
... ...થશે. આવી બાબતોમાં હમેશા વખત સુધી બેદરકારી બતાવી આજ પ્રકરણમાં ઝંપલાવવાનો પ્રસંગ આ હેતુથી હાથ ધરવામાં આવ્યો છે તે સમજાતું નથી. વિતંડાવાદી જાહેર થયેલા સાક્ષીઓ, નાથદ્વારાની પરિસ્થિતિ નજરે જોનારાઓને તપાસસમિતિના કાર્યમાં સાથ આપવાની અપીલ કરી છે અને વૈષ્ણવ કમિટિને તો તે આપણી જ છે એમ કહીને તેના મોઢા પર હાથ ફેરવવાનો દેખાવ કર્યો છે.

અધમ પ્રયત્ન

એક બાજુથી નાથદ્વારા સમિતિ, ત્યાંના કાયમના રહીશ મુખ્યાજી તથા પંડિત શ્રી રમાનાથજી અને અધિકારીજી જેવી વ્યક્તિઓ, જેઓએ શ્રી નાથદ્વારા ધામનું ગૌરવ સાચવવા આજ દિન સુધી સાચી હકીકતો બહાર પાડી છે, અને જેઓ તેમ કરવાની પોતાની પવિત્ર ફરજ સમજે છે, તેમને અત્યાર અગાઉ ખોટા પાડી, ઉદેપુર દરબારના કેટલાક જુના ગુન્હેગારો તથા ફેરી ફાટીઆઓ જેવી વ્યક્તિઓને ઉભી કરી તેમની પાસેથી હકીકતો બહાર પડાવવામાં આવી છે, અને તે હકીકતોને સત્ય ઠરાવવાવા આ એક અધમ પ્રયત્ન છે અને એક ફારસ છે. એ ખુલ્લું દેખાઇ આવે છે.

અર્થ સરશે નહિ

આ સંજોગો જોતાં વૈષ્ણવ કમિટિના સભ્યોને તપાસ સમિતિ સમક્ષ હાજર રહેવાનો કંઇજ અર્થ સરે તેમ નથી, એ સારી રીતે સમજી શકાય તેમ છે; માટે આ તપાસ કમિટીનું કાર્ય એક ફારસ રૂપ કરી ભોળી વૈષ્ણવ જનતાને આંખે ઉંધા પાટા બાંધવાનો આ એક પ્રયત્ન છે અને પહેલાંથી પકડાઇ ગયેલી વાતનો ખોટો આગ્રહ કરી તે સાચી ઠરાવવા અને તમાચો મારીને મોં લાલ રાખવાની આ એક તરકીબ સિવાય આમાં બીજો કંઇ પણ ભાવાર્થ દેખાતો નથી. ("ગુજરાતી" પત્રના તા૦ ૨૭-૪-૪૧ના અંકમાંથી)

---

(૭)

શ્રીનાથજીના શ્રીકૃષ્ણભન્ડારનો ખુલાસો

શ્રી નાથદ્વારાને હલકું પાડવાના પ્રયાસો

આજકાલ મુંબઇ અને બીજે સ્થળોએથી આવતા પેપરોમાં શ્રી નાથદ્વારા સંબંધમાં તદ્દન ખોટા અવનવા પ્રોપેગેન્ડાથી વૈષ્ણવ સમુદાયમાં ખળભળાટ થઇ રહ્યો છે. આના અંદર ચાલતા શું છે એ બીનાને પ્રયાસો કરતાં પણ બહાર ન આવવા દેવા માટે "નાથદ્વારા દિન" વિગેરે પાળવા માટે પડકાર કરી મુંબઇમાંના લાખો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમુદાયમાંથી

[illegible] અતિતોને વાચો [illegible] એવા કલ્યાણી, તે [illegible] શ્રી નાથદ્વારાને વગોવવાની સીમા રાખી નથી. [illegible] શ્રીનાથદ્વારાનું [illegible] પેપર [illegible] અહિત [illegible] છે તે

ખરી પરિસ્થિતિના અહેવાલો

અત્રેની શ્રીનાથદ્વારાની ખરી પરિસ્થિતિના અહેવાલો જાહેર [illegible] નાથજી શાસ્ત્રી, શ્રીનાથજીના મોટા મુખ્યાજી, ખાસ ઉદયપુર રાજ્ય તેમજ "ગુજ[illegible]" તા૦ ૨૦ મી એપ્રીલના અંકમાં પ્રસિદ્ધ થએલ થોડાક લખાણો તથા કલકત્તાના સદ્‌ગૃહસ્થ શેઠ શ્રી નરસિંહદાસ મદનગોપાલજીએ તથા એડવાઇઝરી કમીટીના વૈષ્ણવ સંપ્રદાયના આગેવાન પ્રખ્યાત શેઠીઆઓમાંના શ્રીમાન શેઠ સાહેબ શ્રી ચીમનલાલ ગીરધરલાલ પારેખ, તથા શ્રીમાન શેઠ શ્રી દેવીદાસ માધવજી ઠાકરસી, તથા શ્રીમાન શેઠ શ્રી ગોવિંદલાલ માણેકલાલ, તથા શ્રીમાન શેઠ શ્રી જેઠાભાઇ કલ્યાણજી, તથા શ્રીમાન પટવારીજી શ્રી રણછોડદાસજી, વિગેરેઓએ દરેક પેપરોમાં વખતોવખત ખુલાસો જાહેર કર્યો છે. એ સર્વે સત્ય જ છે, આટલું છતાં વૈષ્ણવ સમુદાયને જાણવાનું હવે કંઇ બાકી રહેવું ન હોવું જોઇએ.

આ સિવાય મુંબઇના સુપ્રસિદ્ધ ઝવેરી શેઠ શ્રી દેવીદાસ માધવજી ઠાકરસીએ પોતાનું નિવેદન જે મુંબઇ સમાચાર તા૦ ૨૩ ના અંકમાં પ્રગટ કરેલ છે તે આ પ્રકરણનું સ્પષ્ટીકરણ દાખવી આપે છે.

શ્રી મહારાણા સાહેબની સેવા

શ્રીમાન હિંદવાસૂર્ય શ્રીજી હજુર ઉદયપુર મહારાણા સાહેબ, જે પ્રમાણે તેમના વડવાઓ શ્રીનાથજીની સેવા તેમજ નાથદ્વારાનું માન મર્યાદા રાખતા આવેલ છે તેજ મુજબ રાખી રહ્યા છે, તેનો સ્પષ્ટ દાખલો એજ છે કે નાથદ્વારા પ્રકરણના કેટલાએક વાદળાઓને વિંધીને બાળ તિલકાયતશ્રીને સુરક્ષિત રાખ્યા છે. એવા હિન્દના સૂર્ય ધર્મવીર પ્રત્યે તેમજ તેઓશ્રીની સલ્તનત સામે ગંદો પ્રચાર કરવો એ હવા સાથે બાચકા ભરવા જેવું છે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમુદાયને ચેતવણી

અમારા પાસે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમુદાય તરફથી અઢળક કાગળો, તારો, રજીસ્ટર વિગેરે આવ્યા છે અને આવી રહ્યા છે. તેઓને જુદા જુદા જવાબ દેવાનું અશક્ય હોવાથી આ ખુલાસાદ્વારા જાહેર કરીએ છીએ કે અત્રેના વિષયમાં આવતા ખોટા જાહેર પ્રોપેગેન્ડાથી કોઇએ શ્રીનાથજીની ભેટ સામગ્રી વિગેરે રોકવી નહિ. તેમ જ અત્રે પ્રતિ શંકા વગેરે રાખવી નહિ.

સેવા પ્રાચીન રૂઢિ પ્રમાણે થાય છે

અત્રેનું દરેક કાર્ય પ્રાચીન રૂઢિ પ્રમાણે વ્યવસ્થિત રીતે ચાલુ છે. શ્રી બાળ તિલકાયત શ્રીનાથજીની સેવા કરવા દરરોજ આનંદપૂર્વક મંદિરમાં પધારે છે અને શ્રીની સેવા પ્રાચીન મર્યાદા મુજબ થાય છે, તેમજ શ્રીનાથજીને આવતી ભેટ, સામગ્રી વિગેરે સેવા પ્રાચીન પ્રથા મુજબ બરાબર અંગીકાર થાય છે તે પ્રત્યે કોઇએ શંકા કરવી નહિ.

રણછોડલાલ,

શ્રીનાથજીના શ્રીકૃષ્ણ ભંડારના અધીકારી, નાથદ્વારા (મેવાડ)

તા૦ ૨૫ મી નાથદ્વારા, એપ્રીલ.



શ્રી નાથદ્વારાના ખજાના સંબંધમાં મેવાડ સરકારનો સાચો ખુલાસો

ઉદેપુર રાજ્યની સ્ટેટ કાઉન્સીલના વધારાના મંત્રી મી૦ બી. મહેતા, શ્રી નાથદ્વારાના ધનભંડાર ખોલવા સંબંધમાં નીચે પ્રમાણેનો સાચો ખુલાસો કરે છે, તે સુજ્ઞ વૈષ્ણવ વાંચનારા માટે પ્રકટ કરીએ છીએઃ—

જાહેર પ્રજા અને વૈષ્ણવો જોગ યાદી—(તા૦ ૬-૪-૧૯૪૧)

૧. નાથદ્વારામાં જે રીતે કામ લેવાની મેવાડ સરકારને ફરજ પડી છે તેના પ્રત્યે વિરોધ દર્શાવતા, મુંબઇ પ્રાંતના ગુજરાતી ભાષા બોલનારા પ્રદેશ તથા તે પ્રાંતની આસપાસનાં દેશીરાજ્યોની જુદી જુદી વૈષ્ણવ જ્ઞાતિઓ તરફથી નામદાર મહારાણા સાહેબ તથા મેવાડ સરકાર ઉપર સંખ્યાબંધ તારો આવતાં ખરી વસ્તુસ્થિતિનું ટુંક બયાન છપાવવાનું યોગ્ય લાગ્યું છે.

દેખીતી રીતે જ બીનજવાબદાર અફવાઓ ઉપર આધાર રાખતા, તેમજ તેના મોકલનારે રાજ્ય પાસેથી સત્ય હકીકત મેળવવાનો પ્રયાસ પણ કર્યો નથી એવા આ તારોમાંના ઘણામાંથી નીકળતા ગર્હણાના ધ્વનિ પ્રત્યે મેવાડ સરકાર પોતાનો અફસોસ વ્યકત કરે છે.

છેલ્લા તિલકાયતોનો ઇતિહાસ

૨. નાથદ્વારાના છેલ્લા ગાદીનશીન તિલકાયત ગોસ્વામી શ્રી ગોવર્ધનલાલજી મહારાજનું ૧૯૩૪ ની સાલમાં સીમલા મુકામે અવસાન થયું. સામાન્ય નિયમ પ્રમાણે તેમનો વારસો તેમના પુત્ર ગો. શ્રી દામોદરલાલજીને મળત. પરંતુ પિતાની હયાતી દરમ્યાન જ દિલ્હીમાં એક નાચનારી સાથેના તેમના ખુલ્લા સંબંધથી, તેમજ ત્યાર પછી પોતાને કાયદેસરની પત્ની તથા બાળકો હોવા છતાં તે નાચનારી સાથેના તેમના લગ્નસંબંધથી શ્રી. દામોદરલાલજીએ વૈષ્ણવ જનતામાં ખળભળાટ મચાવ્યો હતો. એક પવિત્ર મન્દિરના ગોસ્વામીને ન છાજે એવું તેમનું વર્તન છોડી દેવાનું તેઓએ કબુલ ન કરતાં મેવાડ સરકારે તેમનો વારસાનો હક્ક નાબુદ કર્યો તથા તેમના પુત્રને, એટલે કે તિલકાયત ગોવર્ધનલાલજી મહારાજના પૌત્ર શ્રી ગોવિંદરાયજીને, એ વારસાહક્ક મળ્યો. આ મુદ્દા ઉપર વધારે વિગતમાં ઉતરવાની જરૂર નથી, કારણ કે એ કેસ બ્રિટીશ હિંદુસ્તાનની અદાલતોમાં એક ચર્ચાનો જાણીતો વિષય છે.

૩. તિલકાયત ગો. શ્રી ગોવર્ધનલાલના પૌત્ર શ્રી ગો...
ઉમ્મરના હોઈ સગીર છે અને પિતામહનાં મૃત્યુ પછી ઉદેપુરની કોર્ટ (મુંબઈ ખાતે) કાયદા પ્રમાણે મિલકતનો કબજો હાથમાં લીધો છે. ૧૪ કે ૧૫ ભરેલી મિલ્કત તથા કિંમતી ચીજો પિતામહ પોતાની સાથે નાથદ્વારાથી લઈ ગયેલા. તેમનાં મૃત્યુ બાદ તેમની પાસેની ચાવીઓ લઈ તેમના પુત્ર શ્રી દામોદરલાલે કબજે કરી લીધેલી. સગીરની વતી એ ચીજો મેળવવાના રાજ્યના બધા પ્રયાસો નિષ્ફળ ગયા. એટલે આ ૧૪ કે ૧૫ પેટીઓમાં શું હતું તેની નોંધ પણ નથી. શ્રી દામોદરલાલજી ૧૯૩૬ માં મૃત્યુ પામ્યા.

વહુજી મહારાજની અને બેટીજીની આડાઈ

૪. નાથદ્વારામાં પોતાના રહેઠાણની બેઠકમાં તિલકાયત, ગોસ્વામી ગોવર્ધનલાલજી મહારાજ પોતાની પાછળ મૂકી ગએલ, તે મિલ્કતની નોંધ થઈ શકી નથી, કારણ કે તેમના પુત્રની વિધવાઓ તથા તેમની મોટી પુત્રીએ (વહુજી તથા બેટીજી) આ પગલાં સામે વિરોધ કરેલ. વૈષ્ણવોની સલાહકારક સમિતિની સંમતિથી તે દિશામાં કરવામાં આવેલ ત્યાર પછીના પ્રયત્નો પણ તે જ કારણથી નિષ્ફળ ગયા. સન ૧૯૩૯ માં મુંબઈ ખાતે વહુજી મહારાજનું અવસાન થયું.

રાજ્યની ફરજ

૫. દેખીતી રીતે જ વસ્તુસ્થિતિ અસંતોષકારક હતી અને આ સુપ્રસિદ્ધ મંદિરની મિલ્કત વિષેની મેવાડ દરબારની જવાબદારી ભારે હતી. આ વર્ષની શરૂઆતમાં રાજ્યના સૌથી મોટામાં મોટા કાયદાના હિમાયતીને પૂછવામાં આવ્યું. મિનિસ્ટરોની કાઉન્સિલને તેમણે સલાહ આપી કે બેઠકને ખોલવી તથા તેની વિગતવાર નોંધ તૈયાર કરવી એ આવશ્યક છે. કારણ કે:—

(અ) મંદિર તથા સગીરની અસ્કયામતની નોંધ કરવી એ કોર્ટ ઓફ વોર્ડ્સની પ્રારંભિક ફરજ હતી. જો આ ફરજ બજાવવામાં ન આવે તો સગીર, વયમાં આવતાં, ફરિયાદ કરી શકે કે કોર્ટે તેના હિતનું સારી રીતે રક્ષણ કર્યું નથી. મંદિર તરફથી પણ એમ વાંધો ઉઠાવી શકાય કે તેની મિલ્કત તિલકાયત મહારાજની જાત મિલ્કત સાથે સેળભેળ થઈ જઈ સલામત રહી નથી.

(આ) તેમાં હિસાબના કાગળો, મુદતનો બાધ આવે એવાં દેવાનાં બોન્ડો, ફરીથી ચાલુ કરવાં પડે એવાં શેર સર્ટીફીકેટો તથા ચલણી નાણાં તરીકે બંધ થવાના રૂપિઆના સિક્કાઓ હોય કે જે બધાંના ઉપર કાંઈ પણ પગલાં લેવાં પડે એમ હોય, અને બેઠકમાં શું છે તે વિષે અનેક જાતની અફવાઓ ફેલાતી હતી. કેટલાકનું એમ કહેવું હતું કે તેમાં કાંઈ નથી. બીજાઓ કહેતા હતા કે તેમાં સોનું અને ઝવેરાત છે, જ્યારે વળી બીજાઓનું એમ કહેવું હતું કે જે કાંઈ હશે તે બહુ કીંમતી નથી. ખરી વાત શું છે તે ચોક્કસ કરવાનું તથા અફવાઓને શાંત પાડવાનું જરૂરી હતું.

• અને સમાધાન

આ ઉપરથી મેવાડ સરકારે ઉમરાવો, ઝવેરીઓ, મુંબઈ, અમદાવાદ તથા કાઠીઆ-વાડના પ્રતિષ્ઠિત ઝવેરીઓની બનેલી વૈષ્ણવ સલાહકારક સમિતિના સભ્યો, અને કોર્ટ ઑફ વોર્ડ્સના ભૂતકાળના તથા હાલના મેનેજરો મળીને ૨૪ જણની રૂબરૂ તથા સીનીયર મીની-સ્ટરની અંગત દેખરેખ નીચે મિલ્કતની નોંધ થવી જોઈએ એમ નિર્ણય કર્યો. ગોટીજી મહા-રાજને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેમણે તો સરકારના હુકમ વિરૂદ્ધ એવી ચળવળ ચલાવી કે જેથી કરીને સુલેહનો ગંભીર પ્રકારે ભંગ થાત; કારણ કે નાથદ્વારા ઠીકાના પાસે એક મોટું સ્થાયી લશ્કર તથા પોલીસ ફોજ છે. પરંતુ જે મીનીસ્ટરને આ કામ સોંપવામાં આવ્યું છે તેમની કુનેહ તથા મક્કમતાને લીધે તથા સલાહકારક સમિતિના સભ્યો કે જેમણે ગોટીજી સાથે સંદેશાઓ ચલાવ્યા હતા, તેમની સમજાવવાની શક્તિને લીધે, ગોટીજીએ પોતાનું વિરોધી વલણ છોડી દીધું અને બેઠક બોલાવવાની તથા નોંધ કરાવવાની લેખિત સંમતિ આપી. આ જગ્યાએ એટલું ઉમેરવાની જરૂર છે કે ગોટીજી તથા તેના ભાઈએ નોંધ લેવાનું શરૂ થાય તે પહેલાં તેમને સાંભળી લેવાનો મુખ્ય પ્રધાન ઉપર તાર કર્યો હતો અને એટલા ઉપરથી તેમને સાંભળી લેવા માટે એક તારીખ મુકરર કરવામાં આવી હતી, પરંતુ તેનો લાભ લેવામાં આવ્યો નહતો.

વિરોધીઓનું અસત્ય અને ગંદુપ્રચારકાર્ય

૭. રાજ્યના સત્તાધીશોના કામ વિષે જુદા જુદા પ્રકારની અસત્ય તથા દુર્ભાવનાયુક્ત વાતો ચલાવવામાં આવી છે. રાજ્યની ફોજે ગોળીબાર ચલાવ્યો હતો એ વાત ખોટી છે. ગોસ્વામી મહારાજને અટકમાં રાખવામાં આવ્યા છે એ વાત ખરી નથી. રાજ્યના લશ્કરને અથવા સાધારણ રીતે જેમને મંદિરમાં પ્રવેશ કરવા દેવામાં આવતો નથી એવી જ્ઞાતિના લોકોને મંદિરમાં દાખલ થવાનુ કહેવામાં આવ્યું હતું એ હકીકત પણ સાચી નથી. ઉલટું રાજ્યે તો ઘણીજ ખામોશી તથા નરમાશથી કામ લીધું છે; ન તો લાઠી ચાલી, ન ગોળીબાર થયો.

ખજાનાની નોંધ ને રાજ્યની શુભ નિષ્ઠા

૮. હવે નોંધ લેવાનું કામ ચાલુ થયું છે, પરંતુ તે પુરૂં થાય તે પ્હેલાં થોડાક દિવસો જોઈશે. સંપૂર્ણ શાંતિના વાતાવરણમાં કામ ચલાવવામાં આવે છે, જેઓ આ રાજ તથા તેના રાજકર્તાને ઓળખે છે તેમને **બેઠકમાંથી જે કાંઈ નીકળે તેને રાજની તીજો-રીમાં મૂકાવી દેવાનો જરાએ ઇરાદો નથી** એવી ખાતરી આપવાની જરૂર નથી. જે મિલ્કત નીકળશે તેની નોંધ કરી પાછી મૂકી દેવામાં આવશે. **નાથદ્વારાનો ખજાનો લઇ લેવાની લાલસા સ્ટેટને નથી.** જે રાજ્યે ૧૭ મી સદીમાં મથુરાના ગોસ્વામી મહારાજને આશ્રય આપી, એક કિંમતી જાગીર બક્ષીસ કરી અને જેણે વખતોવખત તેની માલમ-તામાં વધારો કર્યો; તેણે ૧૯૩૪ ની સાલમાં મેનેજમેંટ સંભાળી લીધું ત્યારથી મોટી રકમો આપી આવક અને ખર્ચ વચ્ચેની ખાધ પુરવાની જોગવાઈ કરી છે.

("ગુજરાતી પત્રના તા૦ ૧૩-૪-૪૧ ના અંકમાંથી)

(૨)

શ્રીનાથજીનો ધનભંડાર અને વૈષ્ણવોનો કોલાહ

૧ વૈષ્ણવોનું મુખ્ય તીર્થધામ

વલ્લભી વૈષ્ણવોનું એક મોટું તીર્થધામ મેવાડમાં આવેલું શ્રીનાથદ્વારા ક્ષેત્ર છે. આ પવિત્ર સ્થાનની પાછળ અદ્દભુત રહસ્યમય ઇતિહાસ રહેલો છે; અને એક સમયે દેશી રાજસત્તા અને ધર્મસત્તાનો સુમેળ હતો, ત્યાં આજે સખત વિરોધાભાસ ઉભો થયો છે. પરમેશ્વરને ત્યાંનો ન્યાય છે કે જ્યાં ધન અને ધર્મ એકઠાં થાય ત્યાં કલિયુગ પ્રવેશ પામે. શ્રીનાથજીની સ્વયંભૂ મૂર્તિ કહો કે સ્વરૂપ કહો, પણ તેનો ઇતિહાસ જોતાં એમ જણાય છે કે આ મૂર્તિ પ્રથમ તો વ્રજવાસી લોકોની હતી, કોઇ આચાર્ય કે મહારાજની માલીકીની નહોતી. તે ગોડીઆઓના હાથમાં ગયેલી, અને તેના પૂજા-સેવા બરાબર થતી ન હોતી ત્યારે વિ. સં. આશરે ૧૫૪૯ માં શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યે તેનાં દર્શન કરી સેવાનો પ્રબંધ કર્યો, પણ આ સેવાકાર્ય ગોડીઆ વૈષ્ણવોના હાથમાં રહેવા દીધું હતું; અને કૃષ્ણસખા વ્રજવાસીઓ તેને પોતાની માની તેની સાથે રમતા હતા. આમ લગભગ ૧૦૦ વર્ષ ચાલ્યું.

૨ વલ્લભીવંશના હાથમાં વહીવટ

આશરે ૧૬૨૮ માં શ્રીવલ્લભાચાર્યના બીજા પુત્ર શ્રીગુસાંઇજી વિઠ્ઠલનાથજીએ રાજખટપટ ચલાવી અકબરના સમયમાં તેની સેવા વગેરે પોતાના હાથમાં લીધી, અને ગોડીઆઓને દૂર કરી વ્રજવાસીઓને હાથમાં રાખ્યા. તેમના પછી તેનો સર્વ વહિવટ વલ્લભ વંશવાળાઓના હાથમાં રહ્યો, અને તેનો મહિમા વધ્યો. શ્રીગુંસાઇજી અને તેમના પુત્રોએ વંશપરંપરા વૈષ્ણવોને મંત્રદીક્ષા આપી, કંઠી બંધાવી પોતાનો અલગ વાડો જમાવ્યો, અને વલ્લભી વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓની સેવાભેટથી શ્રીનાથજીની સેવા રાજભોગાદિ પ્રકારમાં ઠાઠ વધ્યો, અને દેવદ્રવ્યમાં વૃદ્ધિ થતી ચાલી. આ દેવદ્રવ્ય અને મહારાજોને ધરેલી ગુરૂભેટ-એ બે નોખાં પાડવામાં આવે છે, પણ તે સર્વ નામ માત્રનો-વાચારંભણનો વિકારભેદ છે. બધાના કુલ માલીકો વૈષ્ણવોને બદલે મહારાજો થઇ પડયા છે અને તે સર્વ તેઓ પોતાની ખાનગી માલીકી તરીકે ગણાવે છે. એટલે મહારાજોએ ધર્મને નામે એવા તો અવળા પાટા અંધશ્રદ્ધાના બંધાવ્યા છે કે વૈષ્ણવો બેદરકાર રહે છે.

૩ ઉદેપુરે આપેલું રક્ષણ અને મદદ

આમ લગભગ બીજાં સો વરસ ચાલ્યા બાદ આલમગીર ઔરંગઝેબ બાદશાહે મુસલમાની ધર્મ પ્રમાણે મૂર્તિખંડન કરવાને વ્રજમંડળમાં લશ્કર મોકલ્યું. પણ આ વાતની ખબર ગોકુળીઆ ગુંસાઇજી મહારાજોને પડવાથી તેઓ શ્રીનાથજીની મૂર્તિ અને ઠાકોરજીને નામે એકઠો કરેલો ધનભંડાર લઇને રતોવાઇ નાઠા; (સં. ૧૭૨૬ માં) અને રાજપુતાનાનાં અનેક રાજ્યોમાં લગભગ ૧॥ થી ૨ વરસ ભમ્યા, પણ કોઇએ બાદશાહ ઔરંગઝેબના ભયથી સ્થિર આશ્રય આપ્યો નહિ; ત્યારે ઉદેપુરના હિન્દુ ધર્મના રક્ષક સૂર્યવંશી અને ભગવાન એકલિંગજીના ઉપાસક મહારાણા રાજસિંહે હિન્દુ ધર્મની અવહેલના થતી જોઇ ધર્માભિમાનથી પ્રેરાઇ દાઉજી મહારાજને મેવાડની પર્વતમાળા વચ્ચે આવેલા સિહાડ (હાલના નાથદ્વારા)માં આશ્રય આપ્યો; (વિ. સં. ૧૭૨૮ માં) અને જીવના જોખમે ધસી આવતા મોગલ સૈન્યને અટકાવી,

... ...નને પાછો વાળ્યો. આ લડાઈમાં ઘણા શૂરવીર રાજપુતોએ પ્રાણ આપ્યા હતા. આ ઉપકાર શ્રીનાથજીના વૈષ્ણવ મહારાજો ઉપર જેવો તેવો નથી. જો તે સમયે ઔરંગઝેબ હાર્યો નહિ હતે તો શ્રીનાથજી માટે અને મહારાજો માટે બહુ મોટી આફત આવતે અને શું બનતે તેની કલ્પના કરવાનું જ અમારા સુજ્ઞ વાચકો ઉપર છોડીએ છીએ.

૪ રાજપૂતોના પ્રાણત્યાગ

ઉદેપુરના મહારાણાઓએ તે પછી કાંકરોળી અને શ્રી નાથદ્વારા બંનેના વૈષ્ણવ મહારાજો અતિ માન રાખ્યું છે, ભક્તિભાવ દર્શાવ્યો છે, અને સેવામાં અંતરાય આદિ ન આવે તે માટે ગામો વગેરે જાગીરો આપી છે, કરવેરા માફ કર્યા છે, અને યાત્રાળુઓને આવવાજવાની છુટ આપી છે. મેવાડમાં આવ્યા પછી શ્રીનાથજીનો મહિમા વધ્યો, અને લાખો રૂપીઆ દેવદ્રવ્ય તરીકે વૈષ્ણવોએ અને રાજપુતાનાના રાજા-મહારાજાઓએ આપ્યા. તે સર્વ ઉદેપુરના મહારાણાએ વગર દખલગિરિએ રહેવા દીધા અને હજારો રાજપુતોએ પ્રાણના ભોગે રક્ષણ કર્યું તેનો બદલો લેવાનો વિચાર પણ કદી કર્યો નથી.

૫ ધર્મ માટે વટલેલા વ્રજવાસીઓ

કહેવાય છે કે જ્યારે શ્રીનાથજીને લઇને દાઉજી મહારાજ મેવાડ પધાર્યા, ત્યારે કેટલાક વ્રજવાસીઓ મુસલમાની લસ્કરનો વેશ લઇને શ્રીનાથજીનો ખજાનો જીવના જોખમે લઇ આવ્યા હતા. રસ્તામાં મોગલ સૈન્ય મળ્યું ત્યારે ખજાનો બચાવવા માટે તેઓએ મુસલમાનો સાથે ખાધું પીધું હતું. આનો બદલો તેઓને એ મળ્યો કે તેઓ જાતિબહિષ્કૃત થયા.

ધર્મકાર્ય માટે આપત્કાળમાં આવું જોખમ ઉઠાવનારા વટલેલા વ્રજવાસીઓને કોઇ મહારાજ ફરી બ્રહ્મસંબંધ કરાવી, કહેવાતો શરણમંત્ર કે તુલસીની નવી કંઠી બંધાવી, ફરી પાછા હિંદુ ધર્મમાં લઇ શકયા નહિ એ શોકની વાત છે. સ્વાર્થી મહારાજોને ખજાનો ખપ્યો પણ તેમના રક્ષણહારોને પવિત્ર કરવાની શક્તિ તેઓમાં રહી ન હતી. કેવી અને કેટલી શરમની વાત છે!! કહેવાય છે કે પેલા ધર્મભ્રષ્ટ થયેલા અને પરધર્મમાં નાખુશીથી વટલાયલા મુસ્લીમ વ્રજવાસીઓને અને તેમના વંશજોને આજ સુધી વરસમાં એક દિવસ શ્રીનાથજીનાં દર્શન કરવા દેવામાં આવે છે, અને થોડુંક અનાજ આપવામાં આવે છે. આ વ્રજવાસીઓના વંશજો પણ આજે શ્રીનાથજીનો ધન ભંડાર ઉદેપુર નરેશના હાથે ખુલે તેની વિરૂદ્ધ છે, એમ સ્વાર્થી લોકોએ પોકારણ કરી મુકયું છે. હજી આજે પણ આ અમુક સંજોગોમાં ધર્મરક્ષા માટે કહેવાતા વટલાયલા વ્રજવાસીઓને ફરી પાછા હિન્દુ ધર્મમાં જો લેવામાં આવે તો કેટલું સારું શુદ્ધિ-સંગઠન સમાજ માટે અને ધર્મ માટે થાય! આમ થાય તો જ પુષ્ટિ માર્ગ વિશ્વધર્મ થવાને લાયક છે, એમ કંઇક કહી શકાય. બાકી બીજા બધા તો મોઢાના ફડાકા છે.

૬ હોલ્કરનું શ્રીનાથદ્વારા ઉપર આક્રમણ (સં. ૧૮૫૮ માં)

આ મુસ્લીમ આક્રમણો પછી સિંધિયા-હોલ્કરની મારામારીના સમયમાં, તેને નાણાંની જરૂર પડી ત્યારે એક હોલ્કરે શ્રીનાથજી ઉપર આક્રમણ કર્યું હતું; ત્યારે પણ ઉદેપુરવાળાએ શ્રીનાથદ્વારાનું રક્ષણ કરી, હોલ્કરને સમજાવીને પાછો વાળ્યો હતો. તે વખતે શ્રીનાથજીને સિહાડમાં ઘસ્યાડ ટેકરીની તલેટીમાં ખસેડવામાં આવ્યા હતા. આ હતું હિંદુઓનું હિંદુઓ ઉપરનું આક્રમણ છતાં તેનો બચાવ ઉદેપુર રાજ્યે કર્યો હતો.

૭ શ્રીનાથદ્વારામાં યાત્રીઓપર જુલમ

તે પછી શ્રીનાથદ્વારામાં કંઇ મોટી ઉથલપાથલ થઇ નથી. પણ વૈષ્ણવ મહારાજોનો વૈષ્ણવ યાત્રાળુઓ ઉપર જુલમ અતિશય વધી પડયો હતો, અને તેઓ જોરજુલમથી વૈષ્ણવોને સતાવી ભેટ સામગ્રીને નામે પૈસા કઢાવતા હતા. આખરે ઇ. સ. ૧૮૭૬ ના સુમારમાં ઉદેપુરનરેશે વૈષ્ણવોના પોકારને માન આપી ધર્મસત્તા ઉપર રાજસત્તાની હકુમત ચલાવી, તિલાકયત શ્રી ગિરધરલાલજીને પદભ્રષ્ટ કરી, ગોલોકવાસી તિલકાયત શ્રી ગોવર્ધનલાલજી મહારાજને સગીર વયમાં શ્રી નાથજીની ગાદીએ બેસાડયા. આ બતાવે છે કે વલ્લભીપંથના મોટામાં મોટા તિલકાયત પણ ઉદેપુરના રાણાની હકુમત નીચે જ છે. ત્યારથી વૈષ્ણવ યાત્રાળુઓ ઉપરનો જુલમ ઓછો થયો.

૮ બાપદીકરાનો ઝઘડો

ગિરધરલાલજી અને ગોવર્ધનલાલજી—બાપ—દીકરા વચ્ચે દેવદ્રવ્ય અને ગુરૂ—દ્રવ્ય સંબંધમાં, દેશી રાજ્યની જાગીરો અને બ્રિટિશ હદમાંની જાગીરો સંબંધમાં કોર્ટો અને પ્રીવિ કાઉન્સીલ સુધી ખટલા લડાયા હતા અને તેમાં લાખો રૂપીઆનો ધુમાડો થયો હતો. આ તિલકાયત શ્રી ગોવર્ધનલાલજી મહારાજના લીલાપ્રવેશ પછી (ઇ. સ. સ. ૧૯૩૩ માં) તેમના પુત્ર શ્રી દામોદરલાલજીની પાછલા સમયમાં (ઇ. સ. ૧૯૩૦ પછી) બુદ્ધિ ભ્રષ્ટ થવાથી તેઓ કોઇ હંસા નામની બડી જાતની નાચનારીના ફંદામાં ફસ્યા, અને તેણે લાખો રૂપીઆનું પાણી કર્યું અને કેટલાક બદમાસ લુચ્ચા વૈષ્ણવોએ અને સ્વાર્થી શાસ્ત્રીઓએ તેમની પડખે ભરાઇને તેમને સાચી રાહ ઉપર આવવા દીધા નહિ. તે વખતે તેમણે શ્રીનાથજીનો નિલમનો એક હાર અને ચીબુકમાં બિરાજતો હીરો ચોરી લઇ બજારમાં વેચ્યો હતો. આ વસ્તુઓ પણ હાલના ઉદેપુર રાજ્યે જ છોડાવી હતી. આમ લાખો રૂપીઆ વેડફાઇ ગયા ત્યારે આજે જે વૈષ્ણવો શ્રીનાથજીનો ધનભંડાર ઉદેપુરનરેશના સામંતો અને અધિકારીઓને હાથે ખુલે છે તે સામે શોરબકોર કરી રહ્યા છે તેઓ કશું બોલ્યા નહીં, પણ દામોદરલાલજીના ધર્મભંગ અને સામાજિક વાંક ચલાવી લીધો અને ખોટેખોટા બચાવો કર્યા. આ કારણે ઉદેપુરનરેશે તિ૦ ગોવર્ધનલાલજી મહારાજ પછી શ્રીદામોદરલાલને ગાદી ન આપી, પણ તેમના નાના પુત્ર શ્રી ગોવિંદરાયજીને આપી છે. તેને અંગે કોર્ટમાં રૂ. બે ચાર લાખ ખર્ચાઇ ગયા હતા. તે વખતે પણ સ્વાર્થી અને ઢોંગી વૈષ્ણવોએ રાજ્ય અને વૈષ્ણવ સમિતિ સામે ખૂબ પ્રચારકાર્ય તે વખતે કર્યું હતું. પણ શ્રી દામોદરલાલજી અચાનક કાળધર્મને પામી લીલાવશ થવાથી આગળ ખટપટ અટકી ગઇ. (ઇ. સ. ૧૯૩૬)

૯ ઉદેપુર હસ્તક વહિવટ

તે પછી હાલના તિલકાયત શ્રી ગોવિંદરાયજી ઉદેપુરના મહારાણાની કૃપાથી શ્રીનાથજીની ગાદીએ આવ્યા. તેમને પ્રાયશ્ચિત્ત આપવામાં વૈષ્ણવોએ અને કેટલાક તેની જમાતના મહારાજોએ અને કહેવાતા શાસ્ત્રીઓએ ઘણાં કુભાડો રચ્યાં પણ તેઓનું કાંઇ ફાવ્યું નહીં, પણ તેને અંગે રાજ્યને તેમજ શ્રી નાથદ્વારાના શ્રીકૃષ્ણ ભંડારને નકામું વિશેષ ખર્ચ થયું. ઉદેપુરનરેશે 'કોર્ટ ઓફ વોર્ડસ'ની રૂએ સગીર ગોવિંદલાલજીના લાભ માટે શ્રીનાથદ્વારાનો વહિવટ ચલાવવા પોતાના માણસો નિમ્યા અને વૈષ્ણવો તરફથી એક સમિતિ નીમી. એ બંનેની સલાહથી શ્રીનાથદ્વારાનો વહિવટ સુખરૂપ ચાલ્યો છે, છતાં કેટલાક વિઘ્નસંતોષી,

ખાઉદાસીઆ ગો. લી. શ્રી દામોદરલાલજીને આડે માર્ગે દોરવી જનારા અને હરામનું હજમ કરનારા [illegible] અને [illegible]એ પોતાનો લાગ ફાવતો ન હોવાથી તેઓએ વૈષ્ણવ સમિતિની અને ઉદેપુર નરેશની તેમજ તેમના કારભારીઓની નિંદાનું પ્રચારકાર્ય ઉપાડ્યું.

૧૦ દેશી રાજ્યોની વગોવણી

આ સમયે આખા હિંદમાં દેશી રાજ્યોને ઉથલાવી નાંખવા માટે અને હિંદમાં સર્વત્ર પ્રજાકીય રાજતંત્ર હાથવેંતમાં સ્થાપવા માટે મ૦ ગાંધીજીની દોરવણી હેઠળ દેશી રાજ્યવિરોધી ચળવળો ઉપાડાયલી, તેથી ઉદેપુર રાજ્યે લીધેલાં પગલાં સાચાં છે કે ખોટાં છે તે જાણવાની ચળવળ ખોર વર્તમાનપત્રકારોએ દરકાર કરી નહિ, અને સ્વાર્થી લોકોએ ઉદેપુર રાજ્ય અને વૈષ્ણવ સમિતિ વિરૂદ્ધ જે અગડબંગ જેવું લખાણ છાપવા આપ્યું તે છાપ્યું. પણ તેથી કાંઇ મામલો સુધરે ખરો ? રાજસત્તા અને સમિતિ મક્કમ રહ્યાં. રાજ્યસત્તાએ શ્રી ગોવર્ધનલાલજી મહારાજના અને શ્રી દામોદરલાલજીના નિધન પછી સમિતિની ઇચ્છાને માન આપી તેજ વખતે ખજાનામાં શું છે, તેની યાદી ન કરતાં સીલ મારી રાખ્યાં.

૧૧ સાવચેતીનાં પગલાં

તિલકાયત શ્રીગોવિંદરાયજીને પ્રાયશ્ચિત્ત આપી યજ્ઞોપવીત કરવાનો સમય આવ્યો ત્યારે વૈષ્ણવ સમિતિએ સાંભળ્યા પ્રમાણે ત્રીસ હજાર રૂપીઆ ખર્ચવા મંજુર કર્યા, છતાં શ્રી ગોવિંદરાયજી અને બેટીજીની આસપાસ એકઠાં થયેલાં ખાઉદાસિયાઓએ બીજા ચાલીસ હજાર વધુ રૂપીઆનો ખર્ચ કરી નાંખ્યો કહેવાય છે, અને રાજ્ય પાસેથી તે રૂપીઆ ઉછીના લીધા. લુચ્ચા માણસો અંદરખાનેથી ચાલાકી કરીને ખજાનો ઉડાવી ન દે તે માટે શ્રી નાથજીનો ધનભંડાર ખોલવાની જરૂર કોર્ટ ઓફ વાર્ડસના કાયદા પ્રમાણે આજે જણાઇ છે, એમાં શું મોટી આફ્ત વૈષ્ણવ ધર્મ ઉપર આવી પડી છે, તે અમે સમજી શકતા નથી. સગીરની મિલ્કત શી છે તેની રાજ તરફથી યાદી થવાની જરૂર છે. આજે જે પોકરાણ કરી મુકવામાં આવ્યું છે, અને તેમાં ભણેલા વગરભણેલા, સમજુ બીનસમજુઓ, પદવીધારી અને વકીલ વૈષ્ણવો સુદ્ધાં જોડાઇ ગયા છે એ નવાઇની વાત છે.

૧૨ અવળું પ્રચારકાર્ય

ખજાનો ખુલે અને તેની રીતસરની નોંધ થાય, અને તે ફરજ અદા કરવામાં વપરાય તેમાં વાંધો શા માટે ઉઠાવવામાં આવે છે તે અમને તેમજ તટસ્થોને સમજાતું નથી. આખરે ઘેલા વૈષ્ણવોની ગમે તેટલી ધાંધલ, ધમાલ, પ્રચારકાર્ય, વિરોધના ઠરાવો અને પરદેશી વિલાયતી સત્તાવાળાઓને આપણા ધર્મના કાર્યમાં દખલગિરિ કરવાના તારો મોકલાયા છતાં ઉદેપુર રાજ્યે ગયા સોમવારે ખજાનો ખોલ્યો છે અને તેની નોંધ લીધી છે, યાદી કરી છે. ખજાનો ખોલાય અને યાદી થાય તેમાં વાંધો શો હોઇ શકે ? નાહકના બીચારા બાલ તિલકાયતને અને બેટીજીને સેવાકાર્યમાં ભંગ કરાવી, 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' વગેરે મંત્રોચ્ચારને બદલે ઉંઘમાં 'બંદુક બંદુક'ના જાપો વૈષ્ણવ ચળવળીઆઓએ જપાવ્યા છે, તે શું સારૂં કહેવાય ? ચિંતા કદાપિ ન કાર્યા—એ સિદ્ધાંત શું વ્યર્થ ગયો છે ? કેમ કોઇ મહારાજો ગોવિંદરાયજીની મદદે જઇ પુગ્યા નહિ ? પણ ઉલટા 'મદદ કરવા આવો'ના તાર આવ્યાથી મુંબાઇના અને બહારગામના કેટલાક ગોસ્વામી મહારાજોની તબિયત બગડી આવી છે.

૧૩ વૈષ્ણવોનું ખરું કર્તવ્ય

આવા સમયમાં સાચા વૈષ્ણવોનું શું કર્તવ્ય હોઇ શકે? એજ કે તેમણે ભેટ ધરેલા પૈસા ગમે તેમ ઉડાવી દેવાય નહિ, પણ ગુંસાઇજી મહારાજો ઉપર અંકુશ મુકી, તેઓને ઠાકોરજીની મિલ્કત ખાનગી ગણવાનો હક્ક નથી એ ઠરાવી, દરેક મંદિરોનો વહિવટ વૈષ્ણવોના હાથમાં લઇ લેવો જોઇએ. અને મહારાજોને મળતી ગુરૂભેટમાંથી તેમનો સંસાર નિયમિત અને મર્યાદાશીળ રહે તેવી યોજના ઘડવી જોઇએ. વૈષ્ણવોએ મહારાજો કે શ્રીનાથજીને કે ઠાકોરજીને ભેટસામગ્રી રૂપે ધરાવેલા અને શ્રીકૃષ્ણાર્પણ કરાયલા પૈસા શ્રીકૃષ્ણના સ્વરૂપના સેવાકાર્ય માટે જ વપરાય છે કે નહિ તે જોવાની શું તેમની ફરજ નથી? કે બાપ–દીકરા કોરટ દરબારમાં ઉડાવે, દામોદરલાલજીઓ હંસા નાચનારીઓ પાછળ ગાંડા થઇને ઉડાવે, કે સીનેમા નાટકમાં, વિલાસમાં, રંગરાગમાં ઉડાવે, તે અટકાવવાની શું તેઓની ફરજ નથી? મહારાજો તાગડધિન્ના કરે, તેમના પાશબાનો મોજમજાહ ઉડાવે, અને ભેટ ધરનાર લાખો વૈષ્ણવો ભૂખે મરે, વૈષ્ણવ વિધવાઓ દુ:ખી થાય, બાળકો ટળવળે અને ધર્મશિક્ષણથી અજ્ઞાત રહે, પરધર્મમાં વટલી જાય એ વગેરે શું સહન કરી લેવા જેવું છે? મહારાજો પોતે નાથ, લાલ, રાય વગેરે બનીને શ્રીકૃષ્ણ તરીકે પૂજાવે અને વૈષ્ણવોને દાસની ગુલામી કોટીમાં રાખી મુકે છે, તે ક્યાં સુધી લઇ ચલાવવું છે?

૧૪ વૈષ્ણવોની ભેટ વૈષ્ણવોનાં હિત માટે

અમારી તો વૈષ્ણવ જનતાને એકજ વિનંતિ છે કે, જેમ તિરૂપતિ બાળાજીમાં, રામાનુજી અને મધ્વમતવાળા વૈષ્ણવો માટે દેવદ્રવ્ય અને ગુરૂદ્રવ્ય વપરાય છે તેમ શ્રીનાથજીનો ધનભંડાર પણ ઠાકોરજીના, મહારાજોના, અને વૈષ્ણવોના એમ ત્રણેના લાભ માટે વપરાય; અને રાજસત્તા સાથે અગડામણ ન થાય, તેવી વ્યવસ્થા ઉભી કરવા માટે વૈષ્ણવો શા માટે આંદોલનો નથી કરતા? નિબંધમાં શ્રી મહાપ્રભુએ જગન્નાથ, બાલાજી, વિઠ્ઠલ, વ્યંકટેશ વગેરે સ્થળોની વ્યવસ્થાનું અનુકરણ કરવાનું કહેલું, આ સ્થળે અમને સાંભરે છે. (નિબંધ સર્વનિર્ણય પ્રકરણ, શ્લોક ૨૫૫) તેને બદલે હમણાં તો ધર્મરક્ષક ઉદેપુર રાજ્ય વિરૂદ્ધ શરમજનક અવળું પ્રચારકાર્ય થઇ રહ્યું છે, તે જોઇને કોને શોક નહિ થાય? ભક્ત અને ભગવાન વચ્ચે અભેદભાવ નિત્ય રહેવો જોઇએ, ઇતિહાસ જોતાં શ્રીનાથજી વ્રજમંડળમાં વ્રજવાસીઓની સાથે રમતા, ખેલતા, અને કોઇને તેની સેવા કરવા દેવાનો પ્રતિબંધ ન હોતો, તે સમય ક્યાં અને આજનો સમય ક્યાં? તે જ શ્રીનાથજીના સ્વરૂપને આજે એટલું બધું અસ્પૃશ્ય રાખવામાં આવ્યું છે કે તેને અમુક માણસો સિવાય કોઇ અડકી શકતું નથી, અને અડકીને સેવા કરનાર દામોદરલાલજી જેવા ધર્મભ્રષ્ટ પણ થાય છે. આ શું સહન કરવા જેવું છે?

૧૫ સાચી વૈષ્ણવતાનો ઉદય ક્યારે?

ભાગવતમાં ભગવાનને મળવામાં અંતરાય નાંખનારા જયવિજય પોળીઆના શા હાલ ભક્તોએ કર્યા હતા તે કેમ ભૂલી જવાય છે? મહારાજો આજે જયવિજય જેવા પાર્ષદો છે, જે ભક્તોને દૂર રાખે છે, અને ધન માલ ઉડાવે છે. આ સ્થિતિ સુધારવાની જરૂર છે. વૈષ્ણવોએ રાજસત્તાની મદદથી શ્રીનાથજીનો ધનભંડાર વ્રજવાસીઓ અને ત્યાંના બીજા વૈષ્ણવોના હિત અને ઉપયોગી કાર્ય માટે વપરાય તે માટે વ્યવસ્થા કરવાની અને ચળવળ ઉપાડવાની

…રર છે. શ્રી શ્રીજીના સ્વરૂપને તો પોતાના ચાલુ નેક ભોગથી પણ સંતોષ છે. ભગવાનની હાલી વૈષ્ણવ સૃષ્ટિ દુઃખી થાય, તેનો ઉદય થાય નહિ, તેની સ્થિતિ સુધરે નહિ, જગતને …વન કરનારી સાચી વૈષ્ણવતા પ્રસરે નહીં અને મહારાજોને પોષવામાં લખલૂટ આંધળો ખર્ચ થાય એ શ્રીનાથજી પણ ઝાઝો સમય સાંખી નહિ રહે. તેના પ્રત્યક્ષ દાખલા મળ્યા …. એટલા માટે શ્રીનાથજીનો ખુલેલા ધનભંડારનો ઉપયોગ લોકકલ્યાણ માટે થાય, અને શ્રીનાથજી, ભક્ત વૈષ્ણવો, મહારાજો, અને રાજસત્તા—એ ચારેનું હિત અને અભ્યુદય થઈ નિઃશ્રેયસ્ પ્રાપ્ત થાય, તેવી ધાર્મિક યોજના ઘડવાની વૈષ્ણવોની ફરજ છે, પણ હાલની ચળવળ તો વખોડવા જેવી છે. સર્વકર્તાહર્તા શ્રીનાથજી સર્વને સન્મતિ આપો.

("ગુજરાતી" પત્રના તા૦ ૩૦–૩–૪૧ ના અંકમાંથી ઉતારો.)

---

(૩)

વૈષ્ણવ સમિતિ સામે મિથ્યા કોલાહલ

શ્રીનાથદ્વારામાં શ્રીનાથજીનો ધનભંડાર, સગીર બાલતિલકાયતના લાભમાં, તેના કાયદે-સરના વાલી અને રક્ષક ગોબ્રાહ્મણ પ્રતિપાલક અને હિન્દુ ધર્મપ્રેમી ઉદેપુર નરેશ, કોર્ટ્સ ઓફ વાર્ડસના નિયમાનુસાર ખોલે, તેની નોંધ લે, તે સામે કેટલાક સ્વાર્થી, દંભી, વેવલા વૈષ્ણવોની આડે માર્ગે લઈ જનારી ઉશ્કેરણી, ભંભેરણી અને ચળવળથી પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સમાજમાં, ચાહના પ્યાલામાં તોફાનની માફક કોલાહલ, પોકરાણ, ઉલ્કાપાત થઈ રહ્યો છે. તે સાથે દેશી રાજ્યો વિરૂદ્ધ કોઈ પણ બહાને ગંદું પ્રચારકાર્ય કરવામાં રોકાએલાં કેટલાંક વર્તમાનપત્રોએ સાથ પૂરવાથી તેને વૈષ્ણવ સમાજમાં પ્રલયકાળના જેવું રૂપ મળી ગયું છે. આ દંભી વેવલા વૈષ્ણવોની ચાલબાજીમાં ભલભલા ભણેલા વકીલ, બારીસ્ટરો અને પદવી-ધારીઓ, શાસ્ત્રીઓ વગેરે પણ ફસાઈ ગયા છે. શ્રીનાથજીનો ધનભંડાર ખોલાય, તેની રીતસર નોંધ લેવાય, તેનો વાજબી રીતે ઉપયોગ થાય, તે સામે વાંધો શા માટે હોઈ શકે, તે જ પ્રથમ પહેલા ગણેશમાં કોઈને સમજાતું નથી, અને ઉક્ત ચળવળખોરીયા, ધમાલીયા, સ્વાર્થ-સાધુ, લબાડ, વેવલા વૈષ્ણવો પણ સમજાવી શકતા નથી, પણ ઉદેપુર રાજ્ય કેમ કોઈ લૂંટારૂં હોય, ધાડપાડુ હોય તેમ માની લઈ, વૈષ્ણવ શ્રીમંતોની સમિતિના સભ્યો લુચ્ચા, દોંગા અને રાજ્યની સેહમાં દબાઈ જનારા હોય, તેમ માની સમજી લઈ તેઓ તરફથી જે સાચા ખુલાસાઓ થાય તે તરફ દુર્લક્ષ કરી, સમિતિને દ્રોહી ઠરાવી, નાલાયક ઠરાવીને ઉખેડી નાંખવાની તેઓ વાતો કરે છે, તેમ આગલી પાછલી નિર્થક બાબતો કે જેના ખુલાસાઓ અનેક વાર થઈ ગયા છે તે વિશે ખોટા ખોટા મૂર્ખતાભર્યા સવાલો પૂછાવી પોતાની વૈષ્ણવો પ્રતિ, શ્રીનાથજી પ્રતિ કેટલી બધી ઉંચા પ્રકારની ભક્તિ હોય, બાળ સગીર તિલકાયતના કેમ જાણે ખરા લાગણીવાળા હિતેસરીઓ તેઓ સિવાય બીજા કોઈ પણ ન હોય તેમ મનાવવા માગે છે. કેટલાક ડાહ્યા સમજુ વૈષ્ણવો તેમાં ફસાઈ ગયા છે, એ નવાઈની વાત છે. વૈષ્ણવ સમિતિના સભ્યો શેઠો દેવીદાસ માધવજી, ચીમનલાલ ગીરધર, રણછોડદાસ પટવારી

ઇત્યાદિ, ઉદેપુરના મે૦ દિવાન સાહેબ, તિલકાયતજીના નજીકના શાસ્ત્રી રમાનાથ શર્મા વગેરે જે વાતો કહે તે ખોટી માનવી, કારણ કે તેઓ બધા ઉદેપુરનું લુણ ખાનારા છે અને સેહમાં દબાયલા છે, એમ તેઓ કહે છે. જ્યારે કંઇ પણ જેઓની ગણુત્રી ન હોય તેવા એકલ દોકલ યાત્રીઓની ઢંગધડા વગરની ના પાયાદાર વાતોને તેઓ સાચી મનાવવા માગે છે. આ તે કઇ જાતની વૈષ્ણવતા ! અને વૈષ્ણવ સમાજની સેવા ! તેઓના પાપે ૩૦૦ નાથદ્વારાવાસીઓ હુલ્લડ કરવાને કારણે જેલમાં પુરાયા છે. તેઓને શ્રી હરિરાયજી મહારાજની શિક્ષાપત્રીમાંના સારા વૈષ્ણવો સમજવા કે દુઃસંગવિજ્ઞાનમાં વર્ણવેલા વંચકો સમજવા ? આનો તોલ તો વૈષ્ણવો જ કરી શકે. ઉદેપુરના સત્તાવાળાઓને અને વૈ. સમિતિને કાઢી મૂકયા પછી તેઓ શું કરવા માંગે છે ? શું ખજાનો ઓહિંયા કરવો છે ?

અમે નથી માનતા કે બાલતિલકાયતની કે તેમનાં બ્હેન બેટીજીની જીંદગી ભયમાં હોય, કે તેઓની ચામડી તોડવાની ધમકી ઉદેપુરના અધિકારીઓ આપતા હોય કે તેઓ શરીરે અસ્વસ્થ હોય, કે વૈષ્ણવ ધર્મ વિરૂદ્ધ જઇ કદી અનશન વ્રત-આમરણાંત ઉપવાસ ઉપર, કોઇ ભૌતિક ધ્યેયની સિદ્ધિ માટે, ગયા હોય. આવી સર્વ બાબતો નાપાયાદાર છે એમ જોખમદાર, જાણકાર અને સમજદાર વ્યક્તિઓએ જાહેર કર્યું છે તે ખોટું માનવાને કશું કારણ નથી. ચૈત્ર સુદ ૩ નો ગણ ગૌરીનો વરઘોડો શ્રીનાથદ્વારામાં નિર્વિઘ્ને નીકળ્યો હતો અને તેમાં બાલ તિલકાયત ખુશી આનંદમાં ભાગ લઇ શકયા હતા, એમ શાસ્ત્રી રમાનાથ અને બીજા યાત્રીઓ કહે છે. તેઓનું કથન ખોટું માનવાનું કશું કારણ નથી. તેઓ જણાવે છે કે, શ્રીનાથદ્વારામાં સર્વત્ર શાંતિ છે. ચળવળ નથી. શ્રી તિલકાયત ગોવિંદલાલજીની તબિયત સારી છે. શ્રીનાથજીની સેવામાં હાજર રહે છે. વિશ્વાસપાત્ર માણુસો, શ્રી ગોવિંદલાલજી, મુખીઆજી, અને કમિટિના સભ્યોની હાજરીમાં ખજાનાની તપાસ ચાલી રહી છે, અને અગાઉ હતું તેમ ફરી, તેની નોંધ લેવાઇ રહ્યા પછી, તેના પર સીલ મારવામાં આવે છે. રાણી છાપના ઘણા સીક્કાઓ તેમાં નીકળ્યા છે, જે જો સરકારી તીજોરીમાં આપવામાં નહિ આવે તો ચલણમાં નકામા છે.

આટલી સત્ય વાતને ઢાંકી દઇ, અસત્ય ભરેલી વાતો જ કેટલાક ચળવળખોરો હાંકે રાખે છે. આવા માણુસોએ જ નિ. લી. દામોદરલાલજીને આડે માર્ગે દોરી જઇ ખાડામાં નાખ્યા હતા, તેઓ પાછા ગોવિંદલાલજી મહારાજની આસપાસ ફરી વળી, રાજસત્તા અને સમિતિની દેખરેખ ખાલી ઘોંઘાટ કરી દૂર કરાવી, નવા તિલકાયતને અજ્ઞાન રાખીને આડે માર્ગે ઉતારી દેવાનો ઇરાદો રાખે છે, તેઓજ મોટે ભાગે ગપો ચલાવી રહેલા લાગે છે. પ્રભુ આવા વંચકોથી બચાવે તો સારૂં ! ઉદેપુર રાજ્યે અને સમિતિએ આવા ઉશ્કેરણીખોરોના તાર દ્વારા આવેલાં નિવેદનો, વિરોધના ઠરાવો વગેરે પર જરાએ લક્ષ આપ્યા સિવાય પોતાનું કામ નિડરતાથી ઉકેલવા માંડયું જણાય છે.

હવે માત્ર ઠાકોરજી શ્રી નાથજી માટે, ગુરૂદ્વારરૂપ તિલકાયત ગોવિંદલાલજી મહારાજના વિદ્યાભ્યાસ વગેરે કાર્ય માટે, તેને લાયક આચાર્ય બનાવવા માટે, અને ગરીબ દીન વૈષ્ણવ-સૃષ્ટિ માટે, કેમ અને કેવી રીતે ખજાનાનો સદુપયોગ થાય તેની યોજના ઘડવા પાછળ વૈષ્ણવો કંઇક સમજીને કાર્ય કરે તો સારૂં. કારણ કે ગમે તેમ કહો તો પણ આખરે આ ખજાનો ઉદેપુરનરેશનો નથી. તિલકાયત શ્રી ગોવિંદલાલજીનો પણ નથી, શ્રીનાથજીનો પણ

નથી, પણ શ્રીનાથજીને વાહલી એવી વૈષ્ણવ સૃષ્ટિનો છેઃ ભક્તિવાન વૈષ્ણવોને આધારે શ્રીનાથજી ત્યાં રહી નિત્ય દર્શન આપે છે, ગુરુદ્વારરૂપ તિલકાયતજીનું નિયમન કરે છે, અને ઉદેપુરનરેશને ધર્મરક્ષા માટે સન્મતિ આપે છે. આ ખજાનો વૈષ્ણવોએ આપેલી અઢળક ભેટમાંથી જ ઉભો થયો છે અને ગોસ્વામી મહારાજો અને તિલકાયતો તો માત્ર તેના ટ્રસ્ટી અને વિશ્વાસપાત્ર વહિવટદારો છે. તેઓ જ્યારે વહિવટમાં અને સેવામાં ભૂલ કરે છે અથવા બહિર્મુખ થાય છે ત્યારે શ્રી નાથજી તેઓને ગો. ગિરધરલાલજી અને દામોદરલાલજીની માફક દૂર કરે છે, એ તો હવે અનુભવસિદ્ધ વાત છે. એટલા માટે વૈષ્ણવોએ ખજાનાનો સદુપયોગ થાય તે માટે સાચાં આંદોલનો કરવાની જરૂર છે, પણ કોઈ પણ રીતે અસત્યવાદને ટેકો આપવાનો નથી, એવી અમારી તેઓને વિનતિ છે. ઉદેપુર રાજ્ય અને વૈષ્ણવ સમિતિ સામે કરાયલા આક્ષેપો ખોટા થયેલા લાગે છે. શ્રીનાથદ્વારામાં ઘણા સુધારાઓ કરવાની જરૂર છે; વૈષ્ણવોનું સન્માન કરવાની અને વધુ વિદ્યાદાન આપવાની જરૂર છે; મોટી વૈષ્ણવ વિદ્યાપીઠ સ્થાપવાની જરૂર છે; સારી ઇસ્પીતાલ, પાઠશાળા, અર્ભકાલય, વૈષ્ણવ અનાથાશ્રમો વગેરે ચાલે છે. અને તે માટે વધુ ખરચ કરવાની જરૂર છે. તો શ્રીનાથજી રાજી થયા વગર રહેશે નહિ. અલબત્ત તે સાથે સેવા પ્રકારમાં ઉણપ આવવા દેવાની જરૂર નથી. વૈષ્ણવો ચેતશે ખરા? ("ગુજરાતી" પત્રના તા૦ ૬-૪-૪૧ ના અંકમાંથી)

---

(૪)

ઉદેપુર રાજ્ય અને વલ્લભી વૈષ્ણવો

હાલમાં કેટલાક સ્વાર્થસાધુ વેવલા વૈષ્ણવોએ ઉદેપુર રાજ્ય સામે, શ્રીનાથદ્વારાનો ખજાનો ખોલવાના નિમિત્તે ગંદું અને જૂઠાણાંથી ભરેલું પ્રચારકાર્ય શરૂ કર્યું છે, એ જોઈને કોને શોક નહિ થાય? એક બાજુએ દામોદરલાલજીને બગાડનારા પણ ઉપરથી મોટાં ટીલાં-ટપકાં માલાનો વેશ રાખનારા ઠગ ભગતો અને વૈષ્ણવોનું ટોળું છે, અને બીજી બાજુએ ઉદેપુર રાજ્યના પ્રામાણિક અને ધર્મનું તત્ત્વ સમજનારા રાણા અને અમલદારો, નિસ્પૃહી અને સંપ્રદાયનું હિત ચાહનારા જોખમદાર વૈષ્ણવ શ્રીમંતોની સાંમતિ, અને શ્રી નાથદ્વારાના અધિકારી, શાસ્ત્રી રમાનાથ વગેરે મંડળી, અને નિષ્પક્ષપાત વૈષ્ણવ યાત્રાળુઓ છે. તેની સામી બાજુએ કેટલાક તકસાધુ વૈષ્ણવોની ટોળીની ઝાપટમાં કેટલાક પદવીધારીઓ વકીલ, બારી-સ્ટરો, ગોસ્વામી મહારાજોએ, પણ કંઇક છુપો સ્વાર્થ સાધવા માટે અથવા શ્રીનાથજીની આવક ઘટાડવા માટે અને પોતાની વધારવા માટે સાથ આપવા માંડ્યો હોય એમ ગર્ભિત લાગે છે. આ ટોળકીએ દેશી રાજ્ય વિરુદ્ધ, બ્રિટિશ હદમાં સહિસલામત રીતે દૂર બેસીને અસત્યવાદ પ્રચાર કરવામાં પાકાં ઘડાયલાં કેટલાંક વર્તમાનપત્રોને પોતાના હાથનાં રમકડાં બનાવવામાં કુશળતા વાપરી છે. એટલે જોખમદાર વ્યક્તિઓ તરફથી જે સાચા ખુલાસાઓ બહાર પાડવામાં આવે છે તેને ગૌણત્વ આપી તેની સામે ખોટા ખોટા સવાલો અને આક્ષેપો કરવાનો ધંધો તેઓએ આદર્યો લાગે છે. તેથી સામાન્ય પ્રજા એટલી બધી ગુંચવાડામાં પડી જાય છે કે તે સત્યાસત્યનો નિર્ણય કરી શકતી નથી અને વિવેક બુદ્ધિ વાપરી શકતી નથી; પણ ધાર્મિક સંસ્થાઓનો બગાડો કેવો થાય છે તે જોયા કરે છે. અને સમજે વગર સમજે

આવા ધર્મોનો, રશીઆની માફક, નાશ થવો ઘટે છે, અને તેઓના હસ્તકની માલ મિલ્કત સાર્વજનિક બનાવી દેવાની ક્રાંતિકારક ઉદ્દામવાદી જેવી પ્રેરણા મેળવી વાતો કરે છે. આ વસ્તુસ્થિતિ ખરેખર શોચનીય છે.

આ સર્વ ઉત્પાતનું મૂળ શું છે ? તે તપાસવાનું છે. શ્રી નાથદ્વારાથી નિ. લી. ગો. શ્રી તિલકાયત ગોવર્ધનલાલજી મહારાજને એવી કોઇ ઘડીએ મોહબુદ્ધિ સુજી કે તેઓ ૧૪-૧૫ મોટી પેટીઓ ભરીને શ્રીનાથજીની મિલ્કત લઇને સીમલા ઇ. સ. ૧૯૩૩ માં ગયા. ત્યાં આગળ ના૦ વાઇસરોય સાથે શું થયું તે હજી અંધારામાં છે. અચાનક તેઓએ શ્રીનાથજીથી દૂર ત્યાં આગળ લીલા વિસ્તાર કર્યો, અને ૭૨ ઝવેરાત રોકડ વગેરેની પેટીઓ તેમના વારસદાર પુત્ર શ્રી દામોદરલાલજી મહારાજના હાથમાં આવી. તેઓશ્રી પોતાને સારી સ્ત્રી, છોકરો અને છોકરીઓ હોવા છતાં દિલ્લીની કોઇ એક નાચનારી હંસા નામની ગણિકાના પ્રેમના ફંદામાં ફસાયા. ઇશ્વરની માયા અદ્દભુત છે. પોતે એક આચાર્ય હોઇ ખોટી રીતે માની લીધેલું કે પોતે શ્રીકૃષ્ણના અવતાર રૂપ છે, અને નિત્ય લીલા ચાલુ રાખવાને ભૂતળ ઉપર અવતરેલા છે. કંઇક આવીજ માન્યતા દરેક ગોસ્વામી મહારાજ ધરાવતા હોય છે. આવા ખોટા શિક્ષણથી ભરમાયલા તેઓ પોતાને લોકવેદની બહાર માનતા હોવાથી તેઓએ ઉદેપુરની સત્તાનો ઇન્કાર કર્યો. અને શરણે આવેલી દૈવી જીવ માનેલી હંસાનો ત્યાગ ન કર્યો. શ્રી દામોદરલાલજીની આચાર્ય કે ગુરૂ તરીકેની નાલાયકી જોઇને ઉદેપુર રાજ્યે તેને તિલકાયતપદથી ઉઠાડી મૂક્યા અને તેમના બાળપુત્ર શ્રી ગોવિંદરાયજીને તિલકાયત તરીકે જાહેર કર્યા. આ ઉપરથી મુંબઇની હાઇકોર્ટમાં દામોદરલાલજીએ પોતાનો હક્ક સ્થાપવાને દાવો માંડયો તેમાં ૪-૫ લાખ રૂપીઆનું પાણી થયું, અને ઉદેપુર રાજ્યે ન્યાયની રીતે શ્રીકૃષ્ણ ભંડારમાંથી લઇને તે ભર્યા લાગે છે. દામોદરલાલજી પાસે શ્રીનાથજીનો નીલમનો હાર અને ચીકુકનો હીરો હતો, જે તેમણે વેચી નાંખ્યા ત્યારે ઉદેપુર રાજ્યે તે છોડાવ્યા હતા. આવા તો ઘણા કીસ્સાઓ છે. આટલું છતાં દામોદરલાલજી સુધર્યા નહિ અને પોતાની પાસેની ચૌદ પંદર પેટીઓમાંની લાખોની મિલ્કત મોજશોખમાં ઉરાડી દીધી. તેમના દુર્ગુણોનો ચેપ તેમનાં પુત્રપુત્રીઓમાં પણ કદાચ લાગ્યો હોય ! તે વખતે આજે જે કેટલાક વેવલા વલોપાતિયા વૈષ્ણવો ઉદેપુર રાજ્ય સામે પ્રચંડ આંદોલનો કરવા ઉઠયા છે, અને ગો. મહારાજો પણ તેમાં જોડાયા છે, તેમાંથી કોઇએ કેમ દામોદરલાલજીની ગેરવર્તણૂંક સામે વિરોધ ઉઠાવ્યો ન હોતો ? મુંબઇમાં અને બહારગામમાં પણ કેટલાક ગોસ્વામી મહારાજોએ દામોદરલાલજીનું અનુકરણ કર્યું લાગે છે. પુષ્ટિમાર્ગી ગુરૂઓને બગાડવામાં વેવલા અંધ શ્રદ્ધાળુ વગેરે શિષ્ય વૈષ્ણવો અને સ્વાર્થી શાસ્ત્રીઓ ઓછા જોખમદાર નથી.

પછી દામોદરલાલજી ૧૯૩૬ માં લીલાવશ થયા, એટલે ઉદેપુર રાજ્યે બાલપુત્ર ગોવિંદરાયજીને તિલકાયતપદે સ્વીકાર્યા. આજ વખતે શ્રીનાથજીના ધનભંડારની નોંધ થવી જોઇતી હતી, પણ દામોદરલાલજીનાં વિધવા વહુજી મહારાજની આડાઇને લીધે કામ મુલતવી રાખવામાં આવ્યું હતું. પણ ૧૯૩૯ માં વહુજી મહારાજ પણ લીલાવશ થયાં, ગોવિંદરાયજી અને બેટીજીની આસપાસ ફરી વળેલા હલકા ચળવળખોર માણસોથી ચેતીને રાજ્યે ખજાનાની નોંધ કરવાનો નિશ્ચય કર્યો. એમાં રાજ્યનું પગલું શી રીતે ખોટું છે, તે

ઉઠાવનારામાંથી કોઈ સમજાવી શકતું નથી. જો રાજ્ય આજે કાયદા પ્રમાણે [illegible] નોંધ ન લે તો તેમાંથી રફેદફે તફડંચી થવાનો સંભવ રહે છે અને વચમાં આવતાં [illegible] ગોવિંદરાયજી રાજ્યને બેદરકારી માટે પૂછી શકે તેમ છે. એટલે નોંધ લેવાની રાજ્યને માથે ફરજ આવી પડી હતી. તિલકાયત ગોવર્ધનલાલજી મહારાજની અને કાંક-રોલીના મહારાજની સગીર અવસ્થામાં ખજાનો ખોલવામાં આવ્યો ન હતો અને નોંધ લેવામાં આવી નહોતી, તેનો દાખલો આપી આજે શ્રીનાથજીનો ખજાનો નહીં ખોલવાનો આગ્રહ કરવામાં આવે છે તે ખોટો છે. એક તો તે વખતની પરિસ્થિતિ જુદી હતી, અને આજની પરિસ્થિતિ જુદી છે. આજે તો તેમાંથી ઉચાપત થઈ જવાનો સંભવ વધુ ઉભો થયો છે. આજે કેટલાક ચળવળખોરો તરફથી કહેવામાં આવે છે કે એ ખજાનામાં આજ ૪૫૦ વર્ષમાં થઇ ગયેલા ૮૦૦ ગોસ્વામીઓએ દરેકે ૫૦ હજાર રૂપીઆ આપેલા છે, એટલે ૪ કરોડ રૂપીઆ આપેલા છે. તે ઉપરાંત આજે ૪૦૦ વર્ષો થયાં વૈષ્ણવોએ તથા રાજા રાણાઓએ લાખોની ભેટ ધરી છે. તેમજ કહેવાય છે કે, ગુંસાઇજી શ્રી વિઠ્ઠલનાથજીના સમયમાં વિ. સં. ૧૬૨૩ માં શ્રીનાથજીને સતઘરામાં પધરાવીને વિઠ્ઠલનાથજીના ૬ પુત્રોએ પોતાનું લાખો રૂ. નું સર્વસ્વ અર્પણ કર્યું હતું. આ બધામાંથી દર વર્ષે સરેરાશ પાંચ લાખનો કે આઠ લાખનો ખર્ચ બાદ કરતાં આજે કંઇ નહિ તો ૧૦–૧૨ કરોડની કિંમ-તનો આ ખજાનો હોવો જોઇએ. જો આવી આવી વાતો ખરેખર સાચી હોય તો તે શું તપાસવાની જરૂર નથી? પણ આજે ધનભંડાર ખોલતાં અને તેની વસ્તુની નોંધણી, કીંમત આદિ કરતાં ઉપલી વાત ખોટી ઠરે છે. અત્યાર સુધીમાં ભાગ્યે ૩૦ થી ૫૦ લાખની કીંમ-મતનો માલ નીકળ્યો હશે, એમ જાહેરમાં આવેલી બીનાથી જણાય છે. સાચી વાત તો ઉદે-પુરના સત્તાધીશો તરફથી જાહેર થાય ત્યારે ખબર પડે. આવી ઉડતી કપોલકલ્પિત વાતોની સામે બચાવ કરવાને, બાલતિલકાયતની મિલ્કતનું રક્ષણ કરવા માટે તે ખોલીને તેની નોંધ લેવાની અને તેના ઉપર સખત ચોકી પહેરો રાખવાની જરૂર ઉભી થઇ છે, અને એ ચેત-વણીનું પગલું ભરવામાં ઉદેપુર દરબારે કે તેમાં સંમતિ આપનાર વૈષ્ણવ સમિતિએ ગાળો ખાવા છતાં ડહાપણ જ વાપર્યું છે, અને કશું પણ અયોગ્ય કર્યું નથી; એમ સમજદાર નિષ્પક્ષપાત વૈષ્ણવો માનતા હોવા જ જોઇએ.

આ મુખ્ય મુદ્દો છોડી દઇને ચળવળીઆ અને ધાંધલીઆઓએ આડી વાતો ઉપર ભારે કોલાહલ મચાવ્યો છે, અને કેમ જાણે કેવીક મોટી આફત શ્રી નાથદ્વારા ઉપર આવી ન પડી હોય તેમ આજનો રવિવારનો તા૦ ૨૦ મી એપ્રીલનો દિવસ "વિરોધ દિન" તરીકે ઉજવવાનું ફરમાન વૈષ્ણવો માટે કાઢયું છે. તેઓએ જે કોંગ્રેસની નિંદા કરે છે તેની નીતિ-રીતિનું અનુકરણ કરવા માંડયું છે, અને પાયા વગરની વાતો અને આરોપો મુકી તપાસ સમિતિઓ નિમવાની ધાંધલ મચાવી છે, એ જોઇને ભગવત્સેવાપરાયણ કયા વૈષ્ણવનું દિલ નહિ દુઃખાય? પતિયાળાનું તોહમતનામું અને રાજકોટનું તોહમતનામું અને એવાં બીજાં એકતરફી તોહમતનામાં જેવાં આમાંથી પણ કુભાંડો ઉભાં થશે, એ જ ફલિતાર્થ નીકળવા શિવાય બીજું કશું દેખાતું નથી. પણ રાજકોટ દરબારની વિરૂદ્ધ ચળવળમાં ખુદ મ૦ ગાંધી-જીને શો અનુભવ મળ્યો તેનો તો વિચાર કોઇ કરતું નથી. તોફાન કરનારાઓ ફાવી જાય નહિ અને પાછળથી ઉદેપુર રાજ્યની નબળાઇ કહેવાય નહિ, લાઠીમાર કે ગોળીબાર કરવો પડે નહિ તેટલા માટે સાવચેતીનાં પગલાં તરીકે કેટલાક શકમંદ માણસોને કેદ કરવામાં

આવ્યા છે, અને ફોજ તૈયાર રાખી હતી, તે ઉપાડવામાં આવેલી ચળવળ ને પણ વાજબી લાગ્યા વિના નહિ રહે. રાજ ઉપરનો હુમલો જ વાજબી છે. આ રાજ્યનો બચાવ કરવા માંગતા નથી, પણ શ્રીનાથદ્વારાના અને વૈષ્ણવોની દ્રષ્ટિએ જોતાં તેમનું પગલું વાજબી લાગે છે.

ઉદેપુર

વર્તમાનપત્રોમાં ઉલટાસુલટા સમાચારો પક્ષકારો તરફથી છપાય છે, તેમાં ક્યા સાચા હોવા જોઈએ તેનો નિર્ણય કરવો સહેલ નથી. આજનો દિવસ વિરોધ દિન તરીકે પાળવાનું જાહેર થયું છે. તેના કાર્યક્રમમાં કોઈ ચોક્કસ આફતમાંથી ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની કે ગોવર્ધનધારી દેવદમન કે ઇન્દ્રદમનની પ્રાર્થના કરવાનું કહેવામાં આવ્યું નથી, પણ શ્રી ગુંસાઈજી વિઠ્ઠલનાથજીએ પોતાના પિતા શ્રી વલ્લભાચાર્યજીનાં ગુણદર્શક ૧૦૮ નામોનું એક સ્તોત્ર રૂપતુભકિત દર્શાવવા રચ્યું છે, જેને 'સર્વોત્તમ સ્તોત્ર' એવું નામ આપ્યું છે તેનો પાઠ કરવાની સૂચના થઈ છે. કેવળ નિઃસ્પૃહી અને એક ધોતી–ઉપરણું રાખી, પગે ચાલી યાત્રા કરનારા અને ભાગવતનું એક નિષ્ઠાથી પારાયણ કરી તેના ઉપર ટીકા કરનારા ભકત પંડિત શ્રી વલ્લભાચાર્યજીનાં નામોનો પાઠ, આ વ્યાવહારિક ઝઘડામાં શી રીતે સહાય કરશે તે અમે તો સમજી શકતા નથી. શ્રી વલ્લભાચાર્ય પ્રતિ અમને પૂજ્યભાવ છે, પણ એમનાં પવિત્ર નામોનો ઉપયોગ, લૌકિક મિથ્યા ક્ષણિક કાર્યની સિદ્ધિ માટે થાય છે તે જોઈને અમને તો ખેદ થાય છે. ગુરુસ્તોત્ર રૂપ સર્વોત્તમ સ્તોત્રની ભાવના કર્યાં અને તેનો કેવો ઉપયોગ? શું સર્વોત્તમ સ્તોત્રનો પાઠ એ મારણજારણનો તાંત્રિક પ્રયોગ છે? શું તેથી ઉદેપુરી નોકરશાહીનો નાશ થવાનો છે? આ ધાંધલમાં કેટલાક ગો. મહારાજો અને બાળકો પણ ભાગ લે છે, તે પણ શોકકારક છે. રાજસત્તા અને ધર્મસત્તા વચ્ચે વિખવાદ ઉભો કરવામાં કદી લાભ થતો નથી; અને ગુરુઓ જ્યાં સચ્ચારિત્રશાલી હોતા નથી ત્યાં રાજસત્તા તેઓને ઠેકાણે લાવે છે, એ ઇતિહાસસિદ્ધ વાત છે. ("ગુજરાતી" પત્રના તા૦ ૨૦–૪–૪૧ ના અંકમાંથી)

---

(૫)

મુંબઈના વૈષ્ણવોની સભા

તા૦ ૧૭ મીએ મુંબઈમાં મહારાજ શ્રી ગોકુળનાથજીના પ્રમુખપદે મુંબઈના વૈષ્ણવોની જંગી સભા મળી હતી. આ પ્રસંગે ઉદેપુરમાં આવેલ શ્રીનાથદ્વારાના વૈષ્ણવ મંદિર સંબંધે ઉદેપુર રાજ્યે ભરેલ પગલાંનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે એક તપાસ સમિતિ નીમવામાં આવી હતી. તેનું પ્રમુખપદ શ્રી જમનાદાસ એમ. મહેતાને આપ્યું છે. બીજા સભ્યોમાં મુંબઈના માજી વડા માજિસ્ટ્રેટ શ્રી ઇન્દ્રવદન મહેતા અને શ્રી વી. એન. શાહ છે. આ સમિતિના ખર્ચ માટે ત્યાંને ત્યાં રૂ. ૫ હજાર એકઠા કરવામાં આવ્યા હતા. તા૦ ૨૦ મીએ અ. હિંદ વૈષ્ણવદિન ઉજવવાનું નક્કી થયું હતું.

શ્રી જેઠાભાઈ કલ્યાણજીનું નિવેદન

નાથદ્વારા સમિતિના એક સભ્ય શ્રી જેઠાભાઈ કલ્યાણજી એક નિવેદનમાં ઉદેપુર દરબાર અને તેણે ખજાનાની કરેલી નોંધ માટે કરેલા હુકમો સંબંધે લખે છે કેઃ–૧૯૩૪ માં દરબારના હુકમથી જાણીતી વ્યક્તિઓ સમક્ષ ઝવેરાતની તપાસ કરવામાં આવી હતી. આ

...વેરાધ કરી ન હતો. તેમજ એ તપાસ વિશે કશી શંકા દર્શાવી ન હતી. ...ુ તપાસ કરવાની ફરજ દરબાર ઉપર છે. તેમાં મંદિરને, સંપ્રદાયને અને તિલ... છે. ૧૯૪૧ ના માર્ચની ૧૨ મીએ તપાસ કરવાનું નક્કી થયું હતું, પરંતુ ...ક વિઘ્નસંતોષીઓએ સભાઓ ભરીને ધાંધલ કરી મૂકી હતી અને રાજ્ય પર આળ નાંખ્યું હતું. આથી આવા તોફાનીઓને પકડવાની ફરજ રાજ્ય પર આવી પડી હતી. ત્યાર પછી મુંબઇ, સુરત અને અન્ય સ્થળે ખોટા તારો કરવામાં આવ્યા હતા. પૂરતી તપાસ કરતાં મને માલમ પડયું છે કે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થયેલી હકીકત ગપગોળા છે. દરબાર આજે જે નોંધ-તપાસ કરે છે તેમાં તેમનું અંગત હિત નથી.

("ગુજરાતી" પત્રના તા૦ ૨૦-૪-૪૧ ના અંકમાંથી)

---

(૬)

વૈષ્ણવ સમિતિના એક સભ્ય શેઠશ્રી દેવીદાસભાઇનો અગત્યનો ખુલાસો

શ્રી નાથદ્વારા દિન અંગે મઇ તા૦ ૨૦-૪-૪૧ ને રવિવારે મુંબઇ શહેરમાં ચંદાવાડીમાં ભરાયેલ વૈષ્ણવોની જાહેર સભા અને તેમાં વક્તાઓએ કરેલા પ્રવચન સંબંધે વૈષ્ણવ કમિટિના એક આગેવાન સભ્ય અને શહેરના જાણીતા શેઠ શ્રી દેવીદાસ માધવજીએ નીચેનું છાપાજોગું નિવેદન બહાર પાડયું છે:—

ગયા રવિવારે વૈષ્ણવોની ચન્દ્રબાગમાં ભરાયેલ સભામાં જાહેર થયેલી અસત્ય હકીકતોથી વૈષ્ણવ જનતામાં વધુ ગેરસમજુતી અને ઉશ્કેરાટ ફેલાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે.

નાપાયાદાર વાતો

સભામાં માત્ર ચારસો પાંચસો જેટલાં સ્ત્રીપુરૂષો હતાં તેને બદલે બે લાખ વૈષ્ણવોએ એ ઉક્ત અદિાલનોમાં ભાગ લેવાની વાત મિથ્યાવાદી શાસ્ત્રી તરફથી કરવામાં આવી છે તે તદ્દન ખોટી છે.

ધાંધલથી ખોટે રસ્તે દોરવાશો નહિ]

એક ભોળા અને આવી બાહ્ય પ્રવૃત્તિમાં કોઇ પણ વખતે ભાગ નહિ લેનારો પણ માત્ર સેવાભાવિ અને યુવક ગોસ્વામી બાળકને પ્રમુખ તરીકે સ્થાપી, લખી આપેલું ભાષણ યાંત્રિક રૂપે બોલાવી જે ફારસ ભજવી બતાવવામાં આવ્યું છે, તેથી સમજુ વૈષ્ણવ જનતા જરાએ ખોટે રસ્તે દોરવાઇ જાય તેમ નથી.

ખજાનો કોની આગળ ખોલાયો?

સભાએ પસાર કરેલા ઠરાવમાં ખજાનો ખોલવાની રીતી માટે જે કંઇ કહેવામાં આવ્યું છે તે સંબંધે અગાઉ ખુલાસા થઇ ગયા છે. શ્રી બાળ તિલકાયત, શ્રીનાથજીના મુખ્યાજી, બીજા વૈષ્ણવ જાગીરદારો અને રાજ્યના જવાબદાર સીનીઅર મીનીસ્ટર વગેરે બીજા અમલદારોની રૂબરૂમાં તે ખજાનો ખોલાઇને તેની યથાસ્થિત નોંધ કરવામાં આવી છે, એ વાત પણ નાથદ્વારા સમિતિના એક નિવેદનમાં અત્યાર પહેલાં જાહેર કરવામાં આવી છે.

સાવચેતીનાં પગલાં

વળી ફોજ આવવાના પ્રકરણનું કારણ પણ અત્યાર પહેલાં કોઈની જાણ બહાર નથી. આ એક વર્ષ અગાઉ રાજ્યની સામે બંડ ઉઠાવનારા તથા બીજા કેટલાક અણસમજુ [illegible] વાસીઓએ સભા ભરી "હમ મરેંગે કે મારેંગે" જેવા પડકાર કરવાથી શ્રીનાથદ્વારે કદાચ વધુ ઉશ્કેરણી થઈ જાય અને અત્યાચારનો પ્રસંગ ઉભો થાય તો તેની સાવચેતી તરીકે ઉદેપુર દરબાર તરફથી ફોજ મોકલવામાં આવી હતી. આવો ખુલાસો પણ રાજ્ય તેમજ શ્રીનાથદ્વારા સમિતિ તરફથી સત્તાવાર રીતે બહાર પાડવામાં આવ્યો છે.

ખોટી ભંભેરણી

ઉપરાંત શ્રી બાલતિલકાયત પર પણ કોઈપણ જાતના અંકુશો મુકાયેલા નથી. અને તેઓ હરવાફરવા તેમજ દેવદર્શને જઈ શકે છે. આ હકીકત પણ એક કરતાં વધુ વખત વૈષ્ણવ સમિતિના સભ્યોએ તેમજ શ્રી મુખ્યાજી, પં. રમાનાથજી, અધિકારી શ્રી રણછોડલાલજી તથા કલકત્તાના એક સુવિખ્યાત વૈષ્ણવ ગૃહસ્થ વગેરેએ જાહેર કરી છે. છતાં પણ ખોટે રસ્તે દોરવનારા કરવામાં આવેલા ઠરાવથી વૈષ્ણવ જનતાને ભંભેરી મૂકવાનો જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે શોચનીય છે.

સમિતિની વગોવણી

ચંદાવાડીની સભામાં એ ઠરાવ રજુ કરનારે આ પ્રકરણ પર ઢાંકપીછોડો કરવા નાથદ્વારા સમિતિના સભ્યો પ્રયાસો કરે છે એમ જણાવી એ વાતને દુઃખદ તેમજ આશ્ચર્યજનક વર્ણવી છે. ઉપરાંત એ ઠરાવને ટેકો આપનારે પણ જણાવ્યું છે કે ખજાનો ખોલવામાં રાજ્યને સાથ આપવા માટે શ્રીનાથદ્વારા સમિતિ જવાબદાર છે.

આ સંબંધમાં સમિતિએ અત્યાર અગાઉ પોતાના નિવેદનો બહાર પાડેલાં છે, સંપૂર્ણ ખુલાસા કરી ચુકી છે. છતાં પણ ફરી ફરીને એક જ વાત અવળા સ્વરૂપમાં રજુ કરીને કમિટીને માત્ર હલકી પાડી તેનું વગોણું કરવા સિવાય આમાં બીજો શો હેતુ છે તે સમજાતું નથી.

પરંતુ સમજુ વૈષ્ણવો તો આ બાબતનો ખ્યાલ યથાયોગ્ય રીતે કર્યા સિવાય રહેનાર નથી.

ખજાનો ખોલવાનો છેવટનો નિર્ણય થયો તે તારીખે હાજર રહેવાનું ફરી નિમંત્રણ વડા અમાત્યે સમિતિના સભ્યો પર મોકલ્યું હતું, છતાં સમિતિના સભ્યો નાથદ્વારાથી તરતના જ આવેલા હોવાથી ખજાના ખોલવાના દિવસે ત્યાં હાજર રહી શક્યા નહતા.

સમિતિ શા કારણે વહેલી હાજર રહી નહિ?

દિવાન સાહેબ તરફથી આવેલા પત્રમાં ખજાનો તુરત ખોલવાનાં કારણોજ દર્શાવવામાં આવેલાં હતાં તે પત્રમાંનો જરૂર પૂરતો ભાગ નીચે પ્રકટ કરવામાં આવે છે.

"તમારા તારને માટે ઉપકાર માનું છું. તા૦ ૨૪ મીથી "ઇન્વેન્ટરી" લેવાનું કાર્ય મોકુફ રાખવાનું અસહ્ય હતું કારણ કે કેટલાક ગૃહસ્થો અને અમલદારોને નાથદ્વારામાં પખવાડિયું રોકી રાખવા પડે તે ઘણું અગવડ પડતું હતું અને પાછા મોકલીને ફરી બોલાવવાનું બહુ અગવડ પડતું હતુ" (ઉપલો પત્ર પાંચ ગોસ્વામી બાલકોની હાજરીમાં મેં પોતે ફરી નાથદ્વારા જવાને દિને વાંચી સંભળાવ્યો હતો.)

આ હકીકત ગોસ્વામી બાળકોની જાણમાં હોવા છતાં સભાના પ્રમુખ ગોકુલાધીશના મંદિરવાળા શ્રી ગોકુલનાથજી મહારાજ વૈષ્ણવ સમિતિને ગુહાભરી બેદરકારી સેવવાનું કેમ કહી શકયા?